# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY ૨૩ માટે પરિણામોની જાહેરાત કરી

(ગૌરવ ખત્રી દ્વારા)

અમદાવાદ તા.૧ હાઈલાઈટ્સ: H1 F૩૨૦૨૩ની તુલના H1 ૩૨૦૨૨ રૂ. ૧૮૩૬ કરોડની ઓપરેશન્સ દ્વારા આવક, વાર્ષિક ધોરણે ૨૧%ની વૃદ્ધિ EBITDA H1 FY2022 માં ૧૯૮ કરોડની સરખમાણીએ રૂ. ૨૩૬ કરોડ EBITDA માર્જિન FY2022 ના H1માં ૧૩.૦૨%ની સરખામણીમાં ૧૨.૮૬% પર PAT H1 FY2022 માં ૧૨૪ કરોડની સરખામણીએ રૂ.૧૫૧ કરોડ નોંધાયો.

પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ Q2 અને HY FY23 માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઈલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ઠ રહ્યાં હતા.

કંપની તેના વ્યાપક મલ્ટીમોડલ નેટવર્ક, કસ્ટમાઈઝ્ડ સર્વિસ ઓફરિંગ, યોગ્ય ટેકનોલોજી અને ઓટોમેશનમાં રોકાણ દ્વારા ઉચ્ચ વૃદ્ધિના સેગમેન્ટ્સને ટેપ કરવામાં અલગ સ્થાન ધરાવે છે.

વધુમાં અગાઉ જાહેર કરાયેલ પીએમ ગતિ શકિત ફ્રેમવર્કની સાથે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિનો પ્રારંભ સીમલેસ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક કનેક્ટિવિટી તરફ આગળ વધવા તથા આપણા દેશના લોજિસ્ટિકસને કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા માટે ડિજિટલાઈઝેશન અને સ્ટાન્ડર્ડાઈઝેશનમાં વધારો કરવા માટે નિમિત્ત બનશે. ૐ વર્ષોથી મજબૂત વૃદ્ધિ માટે આ તમામ થીમ પર મજબૂત રોકાણ કરવાનું ચાલુ રાખે છે.